ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા. ૨૨.૦૬.૨૦૧૮

----------------

**૨૩ મી જુન ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની પુણ્યતિથિ (બલિદાન દિવસ) નિમિત્તે ભાજપા દ્રા રા પુષ્પાંજલી તથા શહીદ વંદના કાર્યક્રમ યોજાશે.**

----------------

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ અમદાવાદ ખાતે તારીખ ૨૫ જુનના રોજ ચિંતન બેઠકમાં તેમજ તારીખ ૨૬ જુનના રોજ મીસાબંધુ સન્માન કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહશે.**

----------------

**તારીખ ૨૪ અને ૨૫ જુન એસ.જી.વી.પી. ગુરુકુળ, અમદાવાદ ખાતે ભાજપાની ચિંતન બેઠકમાં રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભુપેન્દ્રજી યાદવ, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિન ભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.**

----------------

પ્રદેશ મીડીયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, આવતીકાલે ૨૩ જુનના રોજ ભારતીય જનસંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખરજીની પુણ્યતિથિ છે. દેશની એકતા અને અખંડીતતા માટે પોતાની જાનનું બલીદાન આપનાર તેઓ આઝાદ ભારતના પ્રથમ વ્યક્તિ હતા. ૨૩ જુન ૧૯૫૩ના દિવસે શ્રીનગરમાં તેમનુ સંદિગ્ધ અવસ્થામાં મૃત્યુ થયુ હતુ. આ દિવસને ભાજપા દ્રારા દેશભરમાં "બલીદાન દિવસ" તરીકે મનાવવામા આવે છે. ૨૩ જુનના રોજ ગુજરાતભરમાં ભાજપા દ્રારા જીલ્લા અને મંડલ કક્ષાએ તેમની પ્રતિમાને પુષ્પાંજલી તેમજ સામૂહિકતામા તેમના જીવનકવનના કથન તેમજ દેશની રક્ષા કાજે શહીદ થયેલા સૈનિકો માટે શ્રધ્ધાંજલીના કાર્યક્રમ યોજાશે. જેમાં દરેક જગ્યાએ ભાજપાના આગેવાનો/કાર્યકરો ઉપસ્થિત રહેશ.

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ તારીખ ૨૫ જુનના રોજ એસ.જી.વી.પી. ગુરુકુળ અમદાવાદ ખાતે યોજાનાર ચિંતન બેઠકમાં વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. તા.૨૪ અને ૨૫ જુન બે દિવસ ચાલનારી આ ચિંતન બેઠકમાં ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભુપેન્દ્રજી યાદવ, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા તથા પ્રદેશ આગેવાનો ઉપસ્થિત રહેશે. આ બેઠકમા સંગઠન અને સરકારની પ્રજાલક્ષી કામગીરી, સંગઠનલક્ષી ચર્ચાઓ-યોજનાઓ તેમજ આગામી લોકસભા ૨૦૧૯ની ચૂંટણીમાં રાજ્યમાં ફરીથી તમામ બેઠકો જીતવા માટેનો રોડમેપ નક્કી કરવામાં આવશે.

આગામી ૨૬ જુને અમદાવાદ ખાતે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપા દ્રારા કટોકટી કાળમાં મીસાના કાળા કાયદા હેઠળ જેલવાસ ભોગવનારા મીસાબંધુઓના સન્માનનો કાર્યક્રમ યોજાશે. ૨૫ જુન ૧૯૭૫ના દિવસે ઈન્દિરા ગાંધી દ્રારા પોતાની સત્તા બચાવવા માટે ગેરબંધારણીય રીતે દેશમા કટોકટી લાદી લોકશાહીની હત્યા કરી હતી. કટોકટીના આ કારમા કાળ દરમિયાન ન્યાયતંત્ર, લોકતંત્ર અને મીડીયાને બાનમાં લઈ લાખો નિર્દોષોને જેલમાં પુરી દીધા હતા. દેશભરમાં કારમી કટોકટી લાગુ થયાના આ દિવસને ભાજપા દ્રારા સમગ્ર દેશમા **"કાળા દિવસ"** તરીકે મનાવવામા આવે છે. તે અનુસંધાને ૨૬મી જુનના રોજ ભાજપા દ્રારા સાંજે ૪:૩૦ કલાકે દિનેશ હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે મીસાબંધુઓના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં ગુજરાતભરમાંથી મીસાબંધુઓ ઉપસ્થિત રહેશે.

**(ડૉ.હર્ષદ પટેલ)**
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ